# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-02-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## મન કી બાત : AI બાઇટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. ક્ષેત્રમાં ભારત ઝડપથી પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યું છે." આકાશવાણી પરથી પ્રસારિત થયેલા 'મન કી બાત' કાર્યક્રમના માધ્યમથી દેશને સંબોધિત કરતાં શ્રી મોદીએ કહ્યું, "ભારતના લોકો નવી ટેક્નોલૉજી અપનાવવામાં કોઈનાથી પાછળ નથી." શ્રી મોદીએ તાજેતરમાં પૅરિસમાં A.I. સંમેલનમાં પોતાના અનુભવની પણ વાત કરી...

દરમિયાન શ્રી મોદીએ કહ્યું, ખાદ્ય તેલના વધુ પડતાં ઉપયોગથી હ્રદયરોગ, મધુપ્રમેહ અને ઉચ્ચ લોહીનું દબાણ જેવી બીમારી થઈ શકે છે. શ્રી મોદીએ ખાદ્ય તેલમાં 10 ટકાનો કાપ મૂકવા પણ લોકોને સલાહ આપી છે. શ્રી મોદીએ વન્ય જીવના સંરક્ષણ સાથે જોડાયેલા કામમાં સક્રિય રીતે ભાગ લેવા દેશના આદિવાસી સમુદાયનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉપરાંત શ્રી મોદીએ બૉર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

---------------------------------------------------------------------------------------------

## ભુજ-હાટ પ્રદર્શન : વેચાણ

કેન્દ્ર સરકારના હાથ વણાટ વિભાગ દ્વારા ભુજહાટ ખાતે 21થી 27 ફેબ્રુઆરી દરમિયાન ગાંધી શિલ્પ બજાર પ્રદર્શન તેમજ વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરમાંથી કલાકારીગી એક જ સ્થળે નિહાળી અને તેની ખરીદી પણ કરી શકાશે. આગામી 27 ફેબ્રુઆરી સુધી ભુજહાટ ખાતે આ પ્રદર્શનનો લાભ લેવા શહેરીજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------------

## ભુજ લાલન કોલેજ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

ભુજની આર. આર. લાલન કૉલેજમાં 28 ફેબ્રુઆરી અને 1 માર્ચે બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાશે. “સાહિત્ય અને સાંસ્કૃતિક અભ્યાસ : આંતરવિદ્યાશાખાકીય અભિગમ” વિષય પર યોજાનારી આ કોન્ફરન્સ માટે ભારત સરકારના “પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન પ્રકલ્પ દ્વારા આર્થિક સહાય આપવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## મોટા અંગિયા : ગ્રામ પંચાયત પાનેતર ઉત્સવ

નખત્રાણા તાલુકાના મોટી અંગિયા ગ્રામ પંચાયત દ્વારા આયોજિત પાનેતર ઉત્સવમાં પાંચમા સર્વ જ્ઞાતિ સમૂહલગ્નમાં 13 નવ દંપતીએ લગ્નની પવિત્ર ગાંઠે બંધાયા હતા. આ અવસરે સાંસદ વિનોદ ચાવડાએ તથા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયત દ્વારા થતી સમૂહ જ્ઞાતિની સમૂહલગ્ન ઉત્સવ અઢારે આલમમાં સમાજના લોકોને એક તાંતણે જોડે છે. આ સમૂલલગ્ન અન્ય ગ્રામ પંચાયતને રાહ ચિંધે છે. આ કાર્ય બદલ સરપંચ અને ગ્રામ પંચાયતની ટીમને અભિનંદન પાઠવાયા હતા. આ સમૂહલગ્ન મહોત્સવમાં ધાર્મિક, રાજકીય, સામાજિકક્ષેત્રના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------

## હમીરસર તળવા સફાઇ કાર્ય

ભુજના ઐતિહાસિક હમીરસર તળાવમાં આજે સવારે સફાઇ માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સંત નરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશ દ્વારા ભારત સંસ્કારના સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી પ્રોજેક્ટ અમૃત અંતર્ગત કચ્છ સહિત રાજ્યના 1700 જળાશયોમાં સામૂહિક સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત આજે ભુજ નગરપાલિકાના સહયોગથી ભુજના હમીરસર તળાવમાં સફાઇ કરવામાં આવી હતી. કાર્યમાં સંસ્થાના સ્વયં સેવકો તેમજ નગરપાલિકાના કર્મચારીઓ જોડાયા હતા.

-----------------------------------------------------------------------------------

## માંડવી સ્થાપના દિવસ

આવતીકાલે માંડવી શહેરના 445 મો સ્થાપના દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સવારે 9 વાગ્યે કાંઠાવાળા નાકા પાસે ખીલીપૂજન, ૧૦ વાગ્યે દરિયાલાલ દ્વાર પાસે તોરણવિધિ તેમજ વીઆરટીઆઇ માંડવીના સહયોગથી વાંચનાલય, પુસ્તકાલયમાં માંડવી નગર સેવા સદન કચેરી પાસે પુસ્તક મેળા સહિતના કાર્યક્રમો યોજાશે.

--------------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની પાંચમી મેચ ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. પાકિસ્તાને પ્રથમ દાવ લેતા 49.4 ઓવરમાં 241 રને ઓલઆઉટ થઇ ગયું છે. ભારત તરફથી કુલદીપ યાદવે સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી હતી.

--------------------------------------------------------------------------------